| | | | |
|---|---|---|---|
| રજુ કર્યાતારીખ: | ૦૯–૧૦–૨૦૨૩ | | |
| દાખલ તારીખ: | ૦૯–૧૦–૨૦૨૩ | | |
| ફેસલ તારીખ: | ૨૭–૦૪–૨૦૨૬ | | |
| સમયમર્યાદા: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૬ | ૧૮ |

**<u>જામનગરના સ્પેશયલ જજ તેમજ ચોથા સેશન્સ જજશ્રીની અદાલત સમક્ષ</u>**

**<u>સ્પેશ્યલ ઇલેકટ્રીકસીટી કેસ નં ૩૩૨/ ૨૦૨૩</u>**

**<u>આંક : ૪૮</u>**

**ફરીયાદી: શ્રી ગુજરાત સરકાર**

(જામનગર જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં ૨૬૬૫/૨૦૨૨ )

**વિરુધ્ધ**

**આરોપી:**

જયેશભાઈ કાનાભાઈ પીંડારીયા
ઉ.વ. ૩૧, ધંધો: માલધારીનો, રે. વુલનમીલરોડ,
યાદવનગર નજીક, મધુવન સોસાયટી, જામનગર.

ગુનો: **<u>ઈલેકટ્રીકસીટી એકટ, ૨૦૦૩ની કલમ–૧૩૫ મુજબ</u>**

.................................................................................

**સરકાર તરફે: વિ.વ. એ.ડી.પી.શ્રી પી.જે.પરમાર**
**આરોપી તરફે: વિ.વ.શ્રી એમ.કે.ચાવડા**

.................................................................................

**–: ચુકાદો :–**

(૧) ફરીયાદ પક્ષની ટુંકમા હકીકત એવી છે કે, તા. ૧૬/૦૯/૨૦૨૨ ના રોજ કલાક ૧૭:૩૫ વાગ્યે યાદવનગર, જામનગરમાં આરોપીએ પોતાના કબજા વાળા રહેણાંક મકાનમાં ઘર વપરાશનુ વીજ મીટર હોય તેનુ બોડી, શીલો તથા ટીપી એમ.એમ.બી શીલો ટેમ્પર્ડ કરી ફરીથી ચીકણા પદાર્થથી ચોંટાડેલ તેમજ મીટરના બેક સાઈડના કરવામા ૩ x ૧.૫ સે.મી. આશરેનો ટુકડો કાપી બાદ

ફરીથી જોડી ને ચીકણા પદાર્થથી જોડીને તેના પર કલર કરી મીટરની અંદરની સરકીટમા સી.ટી કોયલના બે છેડામાંથી એક છેડામાં રજીસ્ટર મુકયા બાદ રેણથી સોલ્ડર કરી, વીજ વપરાશ ખરો નોંધાતો મીટરમાં અટકાવી વીજ વપરાશ કરી, રૂા. ૯૯,૯૯૫.૪૬ પૈસાની વીજચોરી કરી વીજ મીટર સાથે ચેડા કરેલ હોય, આરોપી સામે, ઈલેકટ્રીકસીટી એકટ, ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબનો ગુનો દાખલ કરવામા આવેલો હતો. જે ગુનો જામનગર જી. યુ. વી. એન. એલ. સેકન્ડ ગુના રજી નં. ૨૬૫૫/૨૦૨૨ થી નોંધવામા આવેલ હતો.

(૨) સદર ગુનો નોંધાતા તપાસ કરનાર અધિકારી દવારા સદર ગુનાની તપાસ કરવામાં આવેલી અને તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા સક્ષમ અદાલત સમક્ષ નં. ૩૬૦/૨૦૨૩ થી ચાર્જશીટ રજુ કરવામા આવેલ હોય, સદર ચાર્જશીટને ફોજદારી કેસ નં. ૯૪૯૧/૨૦૨૩ વિધ્વાન ચીફ જયુડીશ્યલ મેજીસ્ટેટ, કોર્ટ દવારા આપવામાં આવેલ. ત્યારબાદ તેને આગળની કાર્યવાહી કરવા સારૂ, વિધ્વાન ત્રીજા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટને ટ્રાન્સફર કરવામાં આવેલ.

(૩) હાલનો ગુન્હો કાયદા અન્વયે સ્પેશ્યલ કોર્ટને ચલાવવાની હકુમત હોય જેથી ત્રીજા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ દ્વારા સદર કેસ અત્રેની સ્પેશ્યલ કોર્ટ ને તા.૦૯/૧૦/૨૦૨૩ ના હુકમથી ટ્રાન્સમીટ કરવામા આવેલ હતો અને ત્યારબાદ સદર કેસ અત્રેની અદાલત સમક્ષ સ્પેશ્યલ ઈલેકટ્રીક કેસ નં ૩૩૨/૨૦૨૩ થી

નોંધવામા આવેલ.

(૪) આરોપી સામે અત્રેની સ્પેશયલ અદાલત દવારા આંક–૦૬ થી ત્હોમતનામુ ફરમાવવા આવેલ છે અને આંક–૦૭ થી પ્લી નોંધતા તેમા આરોપી દવારા તેઓને ગુનો કબુલ નથી તે મુજબની રજુઆત કરતા, આરોપી સામેનો કેસ આ અદાલત દવારા આગળ ચલાવવામા આવેલ છે.

(૫) ફરીયાદ પક્ષ દવારા રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

**મૌખિક પુરાવા:**

| ક્રમ નંબર | વિગત | સાહેદનુ નામ | આંક |
|---|---|---|---|
| ૧. | પંચ સાહેદ | અજીતભાઇ કાનાભાઇ કંડોરીયા | ૦૯ |
| ૨. | પંચ સાહેદ | દિપકભાઇ હમીરભાઇ | ૧૧ |
| ૩. | નાયબ ઈજનેર | પંકજભાઇ ગોવિંદભાઇ શાહ | ૧૩ |
| ૪. | નાયબ ઈજનેર | નિતેશ રણછોડભાઇ ગામીત | ૨૧ |
| ૫. | ઈલે. આસીસટન્ટ | મુકેશભાઇ લખમણભાઇ | ૨૩ |
| ૬. | ઈલે. આસીસટન્ટ | ભરતભાઇ રણછોડભાઇ | ૨૫ |
| ૭. | આસી. લાઇનમેન | સુરેશભાઇ રમેશભાઇ | ૨૭ |
| ૮. | નાયબ ઈજનેર | ધારાબેન નટવરલાલ | ૨૯ |
| ૯. | નાયબ ઈજનેર | જયદીપભાઇ ગાંડાલાલ | ૩૧ |
| ૧૦. | સીનીયર ટેકનીશ્યન | મનસુખભાઇ નારણભાઇ | ૩૩ |
| ૧૧ | સાહેદ | જેશાભાઇ જગમલભાઇ | ૩૪ |
| ૧૨. | પી.એસ.આઇ | મધુબાળા કેશવગર | ૩૫ |

**દસ્તાવેજી પુરાવા:**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | સ્થાનિક જગ્યાનું પંચનામુ | ૧૦ |
| ૨. | લેખિત ફરીયાદ | ૧૪ |

| | | |
|---|---|---|
| ૩. | વીજચોરીનુ બીલ તથા કમ્પાઉન્ડીંગ બીલ | ૧૫ |
| ૪. | વીજચોરીનો ફોરવર્ડીગ પત્ર | ૧૬ |
| ૫. | કચેરીનો સરકયુલર | ૧૭ |
| ૬. | ફોટોગ્રાફીનુ પ્રમાણપત્ર | ૧૮ |
| ૭. | વિડીયોગ્રાફી કર્યા અંગેની સી.ડી. | ૧૯ |
| ૮. | ચેકીંગશીટ | ૨૨ |
| ૯. | પ્રર્ફોમા –૧૫ | ૨૬ |
| ૧૦ | તપાસણી અહેવલા | ૩૦ |
| ૧૧. | આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, રાશનકાર્ડ તથા સોગંદનામાની નકલ | ૩૬ થી ૩૯ |
| ૧૨. | અસલ એફ.આઈ.આર. | ૪૦ |
| ૧૩. | તપાસ સોપણીના ડેપ્યુટનો હુકમ | ૪૧ |
| ૧૪ | અસલ ક્રેડિટ ગેટ પાસ | ૪૨ |
| ૧૫. | આરોપીને આપેલ નોટીસ | ૪૩,૪૪ |
| ૧૬ | વીજીલન્સ ચેકીંગ શીટ | ૪૫ |
| ૧૭. | કલોઝીંગ પુરસીસ | ૪૬ |

(૬) ત્યારબાદ આરોપીનુ વિશેષ નિવેદન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે નોંધવામાં આવેલુ. જેમા તેઓએ રજુઆત કરેલ છે કે, "અમો નિર્દોષ છીએ મીટર કરશન કાના પીંડારીયા ના નામજોગનુ અને ચેકીંગ સમયે કે મીટર ઉતારતી વખતે અમારી હાજર ન હોય અને લેબમા મીટર બનાવનાર કંપનીના કોઇ અધિકારી હાજરી ન હોય કે મીટરનો એકસપર્ટ ઓપીનયન માટે કંપનીમા મોકલેલ પણ નથી અને લેબરોજકામ વખતે સર્કીટ હોવાની વાત સદંતર ઉપજાવી કાઢેલ છે અને તે મુદામાલ કબજે પણ કરેલ નથી. જે તમામ હકીકતો ધ્યાને લઇ છોડી મુકવા અરજ છે."

(૭) આ કામે વિ. એ.પી.પી.શ્રી પી.જે.પરમાર દવારા મૌખિક દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાઓ સંબધે પુરાવો રજુ કરી પોતાન કેસ નિ:શંકપણે સાબિત કરેલ હોય, આરોપીને તકસીરવાન ઠરાવવા રજુઆત કરેલ છે.

આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી એમ.કે.ચાવડા દ્વારા ઉપરોકત દલીલના વિરુધ્ધમા ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાઓ સંબધે પુરાવા રજુ કરી પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરેલ ન હોય, આરોપીને છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૮) બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો, રજુ થયેલ રેકર્ડ ધ્યાને લેતાં, નીચે મુજબના મુદાના નિર્ણય કરવાના રહે છે.

**-:: મુદાઓ -::**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૧૬/૦૯/૨૦૨૨ ના રોજ કલાક ૧૭:૩૫ વાગ્યે યાદવનગર, જામનગરમાં આરોપીએ પોતાના કબજા વાળા રહેણાંક મકાનમાં ઘર વપરાશનુ વીજ મીટર હોય તેનુ બોડી, શીલો તથાટીપી એમ.એમ.બી શીલો ટેમ્પર્ડ કરી, ફરીથી ચીકણાપદાર્થથી ચોંટાડેલ તેમજ મીટરના બેક સાઇડના કરવામા ૩ x ૧.૫ સે.મી. આશરેનો ટુકડો કાપી બાદ ફરીથી જોડી ને ચીકણા પદાર્થથી જોડીને તેના પર કલર કરી મીટરની અંદરની સરકીટમા સી.ટી કોયલના બે છેડામાંથી એક છેડામાં રજીસ્ટર મુકયા બાદ રેણથી સોલ્ડર કરી, તેઓએ વીજ વપરાશ ખરો નોંધાતો મીટરમાં અટકાવી વીજ વપરાશ કરી,

રૂા. ૯૯,૯૯૫.૪૬ પૈસાની વીજચોરી કરી વીજ મીટર સાથે ચેડા કરી, ઇલેકટ્રીક સીટી એકટ, ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

(૯) ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ

**<u>મુદા નં. ૧ અને ૨ ની ચર્ચા:–</u>**

(૧૦) આ કામે ફરીયાદ પક્ષે નાયબ ઈજનેર નિતેશભાઈ રણછોડભાઈ ગામીત નાઓને આંક–૨૧ થી તપાસેલા છે. તેઓ પોતાની ઉલટ તપાસમા જણાવેલ છે કે, ચેકીંગમા જતા પહેલા કોઈ ઉપરી અધિકારીની મંજુરી લીધેલી નથી, પરંતુ સ્વેચ્છાએ જણાવેલ છે કે, ચેકીંગવાળી જગ્યાએ અમો ઉપરી અધિકારીની મૌખિક સુચનાથી ચેકીંગમાં ગયેલ હતા. આ સંદર્ભમા, ઇલેકટ્રીકસીટી એકટ, ૨૦૦૩ ની કલમ– ૧૩૫ (૨) ધ્યાને લેવામાં આવે તે માત્ર અધિકૃત અધિકારી ચેકીંગની કાર્યવાહી કરી શકે છે તેવુ જણાય આવે છે. આ કામે સદરહુ સાહેદનાઓને ચેકીંગ અને ઈન્સપેકશન કરવા કોઈ અધિકાર મળેલ હોય તેવુ ફરીયાદ પક્ષે કોઈ પુરાવો રજુ રાખેલ નથી. જેથી આ કામે સદરહુ સાહેદ દવારા કરવામા આવેલ ચેકીંગ અને ઈન્સપેકશન બિન અધિકૃત બને છે. વધુમા સદરહુ સાહેદ ની જુબાનીથી તેમના સ્ટાફના માણસો સીવાય કોઈ સ્વતંત્ર સાહેદની હાજરીમાં સ્થળ રોજકામ કરેલ હોય તેમ જણાતુ નથી. આમ, આ કામે સદરહુ સાહેદે ચેકીંગ અને ઈન્સપેકશનની કાર્યવાહી

કોઈ સ્વતંત્ર સાહેદની હાજરીમા કરેલ નથી, જેથી ઈલેકટ્રીક સીટી એકટની કલમ—૧૩૫ (૪) તથા ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૧૦૦ અને ૧૦૨ મુજબના જોગવાઈનુ પાલન થયેલ હોય તેવુ જણાય આવતુ નથી.

(૧૧) અગાઉ ઉલ્લેખ થયેલ છે આ કામે આંક—૨૧ થી નિતેશભાઈ રણછોડભાઈ ગામીત નાયબ ઈજનેર નાઓની જુબાનીથી તેમના સ્ટાફના માણસો સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોની હાજરીમા સ્થળ રોજકામ કરેલ હોય તેમ જણાતુ નથી. State of Gujarat Versus Jayantibhai Jivanbhai Gohil 2023 (0) AIJEL-HC 244923 ના ચુકાદામા નામદાર ગુજરાત હાઈકોર્ટ દાવરા ઠરાવવામા આવેલ છે કે, જયારે વીજ કંપની દવારા આરોપી સામે વીજ ચોરીનો આક્ષેપ કરવામા આવે અને ચેકીંગ હાથ ધરવામા આવે, ત્યારે મીટર અને વાયરની સ્થિતિ શુ છે અને આરોપી દવારા કેવી રીતે વીજની ચોરી કરવામા આવેલી તે અંગેની સ્પષ્ટતા થવા પંચનામુ થવુ જરુરી છે. આ કામે જે પંચનામુ થયેલુ છે તે બનાવવાળી જગ્યાનુ પંચનામુ થયેલ છે અને મીટર અને વાયરનુ કોઈ પંચનામુ થયેલ નથી. આ રીતે પણ ફરીયાદ પક્ષના કેસમા શંકા ઉદભવે છે.

(૧૨) વધુમા, આ કામે ફરીયાદી પંકજભાઈ ગોવિંદભાઈ શાહ ઓએ પણ સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાની માલિકી સંબધે કોઈ પુરાવા આ કામે રજુ કરેલ નથી. આ કામે સાહેદ નિતેશભાઈ રણછોડભાઈ ગામીત, તથા મુકેશભાઈ લખમણભાઈ કટારા, ભરતભાઈ રણછોડભાઈ પરમાર તથા સુરેશભાઈ રમેશભાઈ પરમાર

નાઓએ પોતાની જુબાનીમાં બનાવવાળી જગ્યા સાત રસ્તા સબ ડીવીઝન હેઠળ આવતા વિસ્તાર યાદવનગર, પુરબીયા વાડી ખાતે આરોપીનુ મકાન આવેલ હોવાનુ જણાવેલ છે. આમ, આ કામના ફરીયાદ પક્ષના ચેકીંગ ટીમના સાહેદો બનાવવાળી જગ્યાનુ કોઈ વિગતવારનુ સરનામુ પોતાની જુબાનીમાં જણાવેલ નથી. આ સંર્દભમા તપાસ કરનાર અમલદાર નાઓએ આંક-૩૬ થી આંક-૩૯ સુધી અનુક્રમે આરોપીનુ આધાર કાર્ડ, ચુંટણીકાર્ડ, રાશનકાર્ડ તથા સોગંદનામાની નકલ રજુ રાખેલ છે. જેના આધારે ફરીયાદ પક્ષ બનાવવાળી જગ્યા આરોપીના કબજા ભોગવટામાં છે તે પુરવાર કરવા પ્રયાસ કરેલ છે. સદર દસ્તાવજો વંચાણે લેતાં, આંક- ૩૬ થી રજુ આરોપીના આધાર કાર્ડમાં આરોપીનુ સરનામુ એરોડ્રામ રોડ, યાદવનગર, દિગ્જામ મિલ, પુરબીયા વાડી, જામનગર ખોડીયાર કોલોની, જામનગર લખેલુ છે. આંક-૩૭ થી રજુ ચુંટણીકાર્ડમા આરોપીનુ સરનામુ ૧૪૩ પુરબીયાની વાડી, વુલનમીલ પાછળ, જામનગર લખેલુ છે. આંક-૩૮ થી રજુ રેશનકાર્ડમા આરોપીનુ સરનામુ પુરબીયાની વાડી, યાદવનગર, વુલનમીલ પાછળ, જામનગર (ઝોનલ-૧) લખેલુ છે. આમ, ફરીયાદ પક્ષે ઉપરોકત દસ્તાવેજી પુરાવા મુજબનુ કોઈ સરનામુ પોતાની જુબાની જણાવેલ ન હોય, જેથી તેના પર આધાર રાખી શકાય નહી. તેમજ આંક-૩૯ થી રજુ સોગંદનામામા આરોપીનુ સરનામુ એરોડ્રામ રોડ, યાદવનગર, દિગ્જામ મીલ, પુરબીયાની વાડી, જામનગર લખેલુ છે. પરંતુ તે પુરાવામાં ગ્રાહય રાખી શકાય નહી. આમ, આ દસ્તવોજી પુરાવાથી ફરીયાદ પક્ષને કોઈ મદદ મળી શકે તેમ નથી. વધુમાં, આ કામે ફરીયાદ પક્ષે સ્વતંત્ર સાહેદ જેશાભાઈ જગમાલભાઈ ને તપાસેલા

છે પરંતુ તેઓએ ફરીયાદ પક્ષને સમર્થનકારી કોઈ પુરાવો પોતાની જુબાનીમાં આપેલ નથી. વધુમાં આ કામે રજુ થયેલ બનાવવાળી જગ્યાનુ પંચનામુ તથા દસ્તાવેજી પુરાવા મુજબ બનાવવાળી જગ્યાએ આવેલ મીટરના બીલ કરશનભાઈ છગનભાઈ પીંડારીયાના નામે હોવાનુ જણાય આવે છે અને કરશનભાઈ કાનાભાઈ પીંડારીયા આ કામના આરોપીના મોટાભાઈ હોય, સદર બનાવવાળી જગ્યાનો કબજો તેમને આપેલ હોવાનુ જણાય આવે છે, પરંતુ તેઓને સાહેદ તરીકે દર્શાવવામાં આવેલ નથી, કે તપાસવામાં આવેલ નથી. આ રીતે બનાવવાળી જગ્યા આરોપીના સતત કબજા ભોગવટામા હતી તેવો કોઈ પુરાવો ફરીયાદ પક્ષ રજુ રાખવા સફળ થયેલ નથી. વધુમા આ કામે ફરીયાદ પક્ષે સાહેદ ધારાબેન નટવરલાલ, જયદીપસિંહ ગાંડાલાલ તેમજ મનુભાઈ નારણભાઈને તપાસેલા છે કે જેઓ આ કામના મીટરનુ લેબ પરીક્ષણ કરેલ છે અને આંક-૩૦ થી લેબ પરીક્ષણ રીપોર્ટ રજુ રાખેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૧૬-૦૯-૨૨ ના રોજ સદર મીટરનુ લેબ પરીક્ષણ ગ્રાહકની હાજરીમાં કરવામાં આવેલ. ત્યારે મીટર ખોલી લેબ પરીક્ષણ કરી ચેકીંગશીટ ભરી મોકલતા તેમા બોડી શીલો તથા ટીબી એમએમબી શીલો લાગેલા જોવા મળેલા. વીજમીટરના ટોપ કવર, બોટમ કવર તથા ટર્મીનલ બ્લોક તપાસ કરતા મીટરના બેક સાઈડના કવરમા ૩ x ૧.૫ ટુકડો કાપી ફરીથી જોડી ચીકણા પદાર્થથી જોડીને તેના પર કલર કરેલ જોવા મળેલો. આ ટુકડાને હાજર પ્રતિનિધિની હાજરીમાં તથા વીડીયોશુટ ચાલુ રાખીને ચીકણા પદાર્થને ચાકુથી કાપીને ટુકડાને હટાવતા મીટરની અંદરની સર્કીટમા સીટી કોઈલના બે છેડામાંથી એક છેડામાં રજી. મુકયા બાદ

રેણથી સોલ્ડર કરવામાં આવેલ. ચેકીંગ અધિકારી દ્વારા મોકલવામાં આવેલ દસ્તાવેજો પરથી અમોએ સીંગલ ફેઝ મીટર ચકાસણી અહેવાલ તૈયાર કરી વીજ મીટરને પાવર સપ્લાઇ તથા તે લઇ સામેલ નથી. આ મીટરનુ ડીસ્પ્લે ઓફ હોવાથી મીટરને થતા તેની સાથેના શીલોને પેપર પેક કરી સબ ડીવીઝનને પરત કરેલુ. ઉલટ-તપાસમાં તેઓ જણાવે છે કે, તે વાત ખરી છે કે, ત્હોમતદારનુ મીટર એ -વન કંપનીનુ હતુ અને મીટરના શીલ ઈન્ટેક કંપનીના હતા. એ વાત ખરી છે કે, દરેક કંપનીના મીટરની અંદરના પાર્ટસનુ મીકેનીઝમ અલગ અલગ હોય છે. એ વાત ખરી છે કે, લેબરોજકામ વખતે મેન્યુફેકચરીંગ એ-વન કંપનીના કોઇ ટેકનીકલ અધિકારીની સાથે રાખેલ નથી. એ વાત ખરી છે કે મીટરમા કોઇ ખામી હોય તો તેને એક્ષપર્ટ ઓપીનીયન એ-વન કંપનીનો માંગવામાં આવેલ નથી કે મીટરને મેન્યુફેકચરીંગ કંપનીમાં મોકલવામાં આવેલ નથી. આમ, સદર સાહેદની જુબાની ધ્યાને લેતાં, આ કામે મીટરમાં શું ખામી હતી, તે બાબતનો એકસપર્ટનો ઓપીનીયન ફરીયાદ પક્ષે રજુ કરેલ નથી, જેથી આ કામે મીટર ટેમ્પર થયેલ હોય તે ફરીયાદ પક્ષ પુરવાર કરવામા સફળ થયેલ નથી. અન્યથા પણ બનાવવાળી જગ્યા આરોપીના સતત કબજામાં હતી તે ફરીયાદ પક્ષે પુરવાર કરેલ નથી. વધુમાં, આ કામે કહેવાતો બનાવ તા. ૧૬-૦૯-૨૦૨૨ ના રોજ બનેલ છે જયારે બનાવવાળી જગ્યાનુ પંચનામુ તા. ૧૯-૦૭-૨૦૨૩ ના રોજ થયેલ છે. તે રીતે કહેવાતો બનાવ તા. ૧૬-૦૯-૨૦૨૨ ના રોજ બનેલ છે જયારે આ કામે ચાર્જશીટ ૨૦૨૩ મા કરવામાં આવેલ છે જે અંગે ફરીયાદ પક્ષે સદરહુ કામે ચાર્જશીટ કરવામાં વિલંબના કોઇ કારણો જણાવેલ નથી. વધુમાં, બનાવવાળી જગ્યાનુ પંચનામુ

ચેકીંગ અધિકારી કે સ્ટાફની હાજરીમાં થયેલ હોય તેમ જણાતુ નથી પરંતુ આરોપીની હાજરીમાં થયેલ છે તેમ જણાય છે અને આ કામના પંચ સાહેદ અજીતભાઈ કાનાભાઈ કંડોરીયા તથા દિપકભાઈ હમીરભાઈ ચેતરીયા નાઓએ બનાવવાળી જગ્યાનુ પંચનામુ તેમની હાજરીમાં થયેલ છે તેવો કોઈ પુરાવો આપેલ નથી. આ તમામ પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષ તે હકીકત પુરવાર કરવામાં સફળ થયેલ નથી કે બનાવવાળી જગ્યા આરોપીના કબજા ભોગવટામાં હતી.

(૧૩) આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા ફરીયાદ પક્ષે આરોપી સામે આક્ષેપ મુજબનો ગુનો પુરવાર કરવા સફળ થયેલ ન હોય મુદા નં ૧ નો જવાબ નકારમા આપી, મુદા નં ૨ ના જવાબમા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::- હુ ક મ ::-**

(૧) આ કામના આરોપી જયેશભાઈ કાનાભાઈ પીંડારીયા, રે. જિ. જામનગરનાઓને ઈલેકટ્રીકસીટી એકટ, ૨૦૦૩ ની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

(૩) આરોપીએ ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૪૩૭-એ મુજબના રૂા. ૧૦,૦૦૦/- ના જામીન તથા જાત મુચરકા છ માસના રજુ કરવા.

આ હુકમ આજરોજ તા. ૨૭ મી માહે, એપ્રિલ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જામનગર (શામનાથ ચંદ્રમોહન વેમુલા )

તા. ૨૭/૦૪/૨૦૨૬ સ્પેશ્યલ જજ અને ચોથા સેશન્સ જજ,

ટી.એ.દવે જામનગર, કોડ નં. જી.જે. ૦૦૮૧૮